મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૫

ગાંધીનગર તાપમાન

# સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર ભરતીમાં શહેરના ઉમેદવારને અન્યાય

## ખેલાડી તરીકેના મળવાપાત્ર માર્કસ કાપી નાંખીને રોજગાર અને તાલીમ નિયામક કચેરીએ સામાન્ય વહીવટી વિભાગના નિયમોનું ઉલ્લંઘન કર્યાનો આક્ષેપ : મનસ્વી રીતે કરાયેલ ભરતી પ્રક્રિયા સામે સવાલો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા તાજેતરમાં એમ્પ્લોયબીલીટી સ્કીલના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર માટેની વર્ગ-૩ની ૧૮૯ જગ્યાઓ માટે પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષાના પરિણામમાં મેરિટમાં સ્થાન મેળવનાર ઉમેદવાર કેતન હરીભાઈ પટેલ નામના ઉમેદવારે પોતાને અન્યાયી રીતે પસંદગી પ્રકોપમાંથી બાકાત રખાયાનો આક્ષેપ કર્યો છે. કેતન પટેલે ભરતી પ્રક્રિયામાં સામાન્ય વહીવટી વિભાગના ઠરાવો તથા નિયમોનું યોગ્ય રીતે પાલન કરાયું ના હોવાના આક્ષેપો સાથે ન્યાયની ગુહાર લગાવી છે. પોતે ખેલાડી ઉમેદવાર હોવાથી ખેલાડી તરીકેના ૫ ટકા ગુણ ઉમેર્યા વગર જ પસંદગી પ્રક્રિયામાંથી બાકાત કરી દેવાયાનો આક્ષેપ તેમણે કર્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૨૨માં નંદનવન સોસાયટીમાં રહેતા કેતન હરીભાઈ પટેલ નામના ઉમેદવારે રોજગાર અને તાલીમ નિયામક કચેરી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૧૮૪.૮૦ ગુણ સાથે જનરલ કેટેગરીમાં કટ ઓફ માર્કસ ૧૮૦ કરતા વધુ ગુણ મેળવ્યા છે. આ કારણે તેમનું નામ જાહેરાતની સામાન્ય શરતો મુજબ પસંદગી યાદીમાં મુકવામાં આવ્યું હતું. તા. ૨૭મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ જાહેર કરાયેલ યાદીમાં સમાવેશ કરાયો હતો જેને તા. ૨જી જાન્યુઆરીએ ફરીથી જાહેર કરાયેલ યાદીમાંથી ખેલાડી ઉમેદવાર તરીકેના પાંચ ટકા માર્કસ ઉમેર્યા વગર જ કેતન પટેલનું નામ બાકાત કરી દેવાયું હતુ. કેતન પટેલે આક્ષેપ કર્યો છે કે આ મામલે રોજગાર અને તાલીમ નિયામકની કચેરીમાં રજૂઆત કરતા કોઈ પગલાં લેવાયા નહોતા. છેટે તેમણે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ ફરીથી સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવો સાથે રજૂઆત કરી હતી. આમ છતાં આજદિન સુધી તેનો કોઈ જ પ્રત્યુત્તર મળ્યો નથી.

આમ, નોકરી માટે સંપૂર્ણ યોગ્યતા ધરાવતા ખેલાડી ઉમેદવારને સરકારી ઠરાવો નિયમોને નેવે મુકી રોજગાર તાલીમ અને નિયામક કચેરી દ્વારા મનસ્વીરીતે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. એક આશાસ્પદ યુવાનની કારકિર્દી તથા ભવિષ્યને અંધકારમય બનાવી રહી છે. કેતન પટેલે આ અંગે પત્ર લખી રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, રોજગાર-તાલીમ વિભાગ મંત્રી તથા અગ્ર સચિવ તેમજ સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ સહિત કચેરીના નિયામક સમક્ષ પોતાને ન્યાય આપવા માંગ કરી છે. રાજ્ય સરકાર દ્વારા યુવાનોને રોજગારી આપવાના વચનો સામે એક અન્યાયી રીતે ભરતી પ્રક્રિયા થકી આશાસ્પદ યુવા ઉમેદવારોને થઈ રહેલો અન્યાય ઘણા સવાલો ખડા કરી રહ્યો છે. અને સમગ્ર ભરતી પ્રક્રિયાને શંકાના ઘેરામાં મુકી રહ્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દોલત ભટ્ટ**
લેખક

**ગાંધીનગર ગમે**

સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને હરિયાળીને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

બુદ્ધિશાળી, સમજદાર અને અનેક સેવાકિય પ્રવૃત્તિઓમાં યોગદાન આપનાર નિવૃત્તો અહીં સતત પ્રવૃત્ત રહે છે એ આ નગરની વિશેષતા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગરમાં ચાલતી સાહિત્યિક, સાંસ્કૃતિક, સેવા પ્રવૃત્તિઓ ગમે છે.

સાહિત્ય સભા, કલાગુર્જરી, આર્ટ લવર્સ, કલ્ચરલ ફોરમ વગેરે સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

તમામ સંસ્થાઓ વધુ વિસ્તૃત બને અને સમગ્ર ભારતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવા સદા તત્પર રહે એ જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

સાહિત્ય પ્રવૃત્તિ વ્યાપક બને તથા ગુજરાતી ભાષાનું ગૌરવ વધે તેવી દરેક પ્રવૃત્તિમાં પૂર્ણ યોગદાન આપવા હું તૈયાર છું.

## વૈષ્ણવ સમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજના નવા વરાયેલા પ્રમુખ પ્રદિપભાઈ ગગલાણીની આગેવાની હેઠળ કારોબારી સમિતિના અન્ય હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ કારોબારી સમિતિમાં પૂર્વ પ્રમુખપદે દિનેશભાઈ એફ. શાહ, માજી પ્રમુખપદે ગુણવંતભાઈ શાહ સહિત ઉપપ્રમુખ પદે કનુભાઈ એસ. શાહ, રસિકભાઈ ગાંધી તથા જસવંતભાઈ ગાંધીની નિયુક્તી કરાઈ છે. માનદ મંત્રીપદે કિરીટભાઈ સોની, મંત્રી કમ ખજાનચી પદે ચંદ્રકાન્તભાઈ અડાલજા, મંત્રી પદે પ્રકાશભાઈ એચ. શાહ તથા રાહુલભાઈ આર. કડકીયા, સહમંત્રી પદે જે.ઓ. શાહ તથા સહ ખજાનચી પદે પરેશભાઈ મોદીની વરણી કરાઈ છે. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં આર.જી. પરીખ, જયેન્દ્રભાઈ પરીખ, કુંજબાળાબેન શાહ અને પ્રફુલ મહેતાની વરણી કરવામાં આવી છે.

## સે. ૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે શ્રી માતાજીના ૧૪૦મા જન્મ દિવસ નિમિત્તે તા. ૨૧ ફેબ્રુઆરીને મંગળવારના રોજ ધ્યાન તેમજ માતૃવંદના હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯.૩૦ કલાકે ધ્યાન, પ્રાર્થના તેમજ વાંચનનો કાર્યક્રમ જ્યારે સાંજે ૫.૪૫ કલાકે સાંસ્કૃતિક વર્ગોના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય તથા સંગીતની પ્રસ્તુતીનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં શહેરના નાગરીકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના ચેરમેન સી.કે. તન્નાએ અનુરોધ કર્યો છે.

## સરકારી વિનયન કોલેજ દ્વારા અમિયાપુરમાં એનએસ શિબિર

ગાંધીનગર, તા. ૧૮

સરકારી વિનયન કોલેજ સેક્ટર-૧૫ ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટ દ્વારા અમિયાપુર ગામે શિબિર યોજાઈ હતી. આ શિબિર પ્રોગ્રામ ઓફિસર પ્રા. પલ્કેશ ચૌધરી અને ડૉ. નિલેશ ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા શિબિરમાં સ્વચ્છતા, સાક્ષરતા, નેત્રનિદાન કેમ્પ, અંધશ્રદ્ધા નિવારણ અને પર્યાવરણ સંસ્થાની મુલાકાત લઈ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ શિબિરમાં આચાર્યે ગ્રામજનોએ અને અધ્યાપકોએ પણ ઉત્સાહૂર્વક ભાગ લઈને વિદ્યાર્થીઓને સમાજ સેવાની પ્રવૃત્તિ કરવા માટે પ્રેર્યા હતા.

## બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા ૫ માર્ચે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

બ્રાહ્મણ મિત્રમંડળ ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર અને આજુબાજુના વિસ્તારના રહેતા બ્રાહ્મણો યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન તા. ૫-૩-૧૭ના રવિવારે સવારે ૮ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. આ જીવનસાથી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતીઓએ ફોર્મ જય અંબે મેડિકલ સ્ટોર પગરવ હોસ્પિટલ પાસે સે. ૨૩, બ્રહ્માણી સ્ટેશનરી મીનાબજાર જુના સચિવાલય, રાધે ક્રિસ્ટલ ફ્લેટ કુડાસણ તેમજ સેક્ટર-૨-બી પ્લોટ નં. ૧૧૬૭ બી-૨, સેક્ટર-૪-બી ખાતેથી મેળવવાના રહેશે. આ ફોર્મ ૨ જી માર્ચ સુધીમાં પરત કરવા સંયોજક કેતન ઉપાધ્યાયે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મેદરા કેનાલ નજીકથી દારૂ ભરેલુ ડાલુ પકડાયું



### ૫.૬૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી ડભોડા પોલીસે ૬.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ડભોડા નજીક આવેલા મેદરા ગામ પાસે કેનાલ નજીકના રસ્તા પરથી ડભોડા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ભરેલુ પીકઅપ ડાલુ પકડી પાડ્યુ હતુ. ડાલામાં તપાસ કરતા અંદરથી ૧૧૮ નંગ વિદેશી દારૂની પેટીઓ મળતા પોલીસે રૂ. ૫.૬૬ લાખનો દારૂ જપ્ત કરી ફરાર થઈ ગયેલ ડ્રાઈવરની શોધખોળ શરૂ કરી છે.

ડભોડા પીએસઆઈ ડી.બી.વાળા તથા તેમની ટીમને બાતમી મળી હતી કે ગઈ રાત્રે મેદરા નર્મદા કેનાલ પુલ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલુ પીકઅપ ડાલુ પસાર થઈ રહ્યુ છે. તેને આધારે વૉચ ગોઠવવા ડભોડા પોલીસની એક ટુકડી ઉભી રહી ગઈ હતી. રાત્રે બાતમીવાળુ ડાલુ ત્યાંથી પસાર થયુ અને પોલીસને વૉચમાં જોઈ એટલે ડ્રાઈવરે ડાલુ ઉભુ કરી દીધુ હતુ અને ડાલુ સ્થળ પર જ મુકી દઈને ત્યાંથી અંધારામાં ભાગી ગયો હતો. પોલીસે ડાલામાં તપાસ કરતા આખુ ડાલુ વિદેશી દારૂની પેટીઓથી ભરેલુ જોવા મળ્યુ હતુ. ૧૧૮ નંગ દારૂની પેટીઓ કિં. રૂ. ૫,૬૬,૪૦૦ જપ્ત કરી ડાલુ જપ્ત કરી પોલીસે કુલ રૂ. ૬,૬૬,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ફરાર થઈ ગયેલા શખ્સની ડાલાના નંબરે આધારે ડભોડા પોલીસે શોધખોળ શરૂ કરી છે.



## મહુડી પદયાત્રા.....

નવકારમંત્રના નાદ જય જીતેન્દ્રના રટણ સાથે કલ્પતરૂ કંપનીના ફાયનાન્સ ડાયરેક્ટર કમલ જૈને મહુડી પદયાત્રાનો કૈલાસધામથી શુભારંભ કરાવ્યો. ૩૫ કિ.મી.ની આ પદયાત્રામાં અઢીસો ભક્તજનો જોડાયા છે. કૈલાસધામથી નીકળી પુનીતધામ રાતવાસો કરી ફરી રવિવારે મહુડી આ ભક્તજનો પહોંચશે. કલ્પતરૂ કંપનીના અધિકારીઓમાં એમ.ડી. મનીષ મોહનોત, રાજીવ દલેલા, ડી.બી. પટેલ, એમ.એ. બારૈયા, ભરત મોદી, અજય વૈશ્યમપાયન, અનુપસિંહ રાઠોડ, સાત્વિક ત્રિવેદી, સંજય થોરાત વગેરે જોડાયા હતા. જ્યારે રોટરી ક્લબના રાહુલ મહેતા સહીતના સભ્યો અને જૈન સમાજના સભ્યો આ ધાર્મિક પદયાત્રામાં જોડાયા છે. મનોવાંચ્છીત ઈચ્છા પૂર્ણ કરવાના મનોરથ સાથે યોજાતી આ પદયાત્રા મહુડી ઘંટાકર્ણ મહાવીરના દર્શન સાથે સંપન્ન થાય છે.

## ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

### સે. ૨૮ના બગીચા નજીક ફરી રહેલા શકમંદને એલસીબીએ પકડીને પૂછતાછ આરંભી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર એલસીબી પીએસઆઈ કે.એ. પટેલ તથા તેમની ટીમ વાહનચોરી અટકાવવા તથા વાહનચોરો પકડવા માટે સક્રીય થઈ છે. ત્યારે સેક્ટર-૨૮ના બગીચા સામે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં બાઈક લઈને ફરતો હોવાની બાતમી મળતા એલસીબીની ટીમે તેને પકડી એલસીબી કચેરી લાવી ઊંડી પુછતાછ શરૂ કરી હતી. વ્યક્તિના કાગળ અંગે પુછપરછ કરતાં તેની પાસેથી મળી આવ્યા ન હતા. અમદાવાદ નરોડાના સૈજપુર વિસ્તારના નરેન્દ્ર છત્રસિંહ ચાવડા પાસેથી મળેલા આ બાઈક અંગે તપાસ કરતાં અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરાયેલુ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. જેને પગલે ચોરીના બાઈક સાથે નરેન્દ્ર ચાવડાની ધરપકડ કરી એલસીબીની ટીમે સે. ૨૧ પોલીસને સોંપવા તજવીજ કરી છે.

## @ગાંધીનગર

- મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મંજુલાબેન મણિયાર પ્લોટ નં. ૪૭૩/૨, સેક્ટર-૧૨-બી ખાતે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- શહેરના સેક્ટર-૩-એ ચેહરમાતાના મંદિર પરિસરમાં શિવકથા બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

- ટાઉનહોલ ખાતે શ્રી હરિ ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિકોત્સવ 'નિજાનંદ'માં આગામી ગુજરાતી અર્બન ફિલ્મ 'મેડ ફોર ઈચ અધર'ના કલાકારો ઉપસ્થિત રહ્યાં હતા. આ કલાકારો પોતાની ફિલ્મના પ્રમોશન માટે કાર્યક્રમમાં સામેલ થયા હતા.
- ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના નવનિર્મિત આઠ માળની બિલ્ડીંગમાં ફરી એકવાર લીફ્ટ ખોટકાતા દર્દીઓ તથા સગાવ્હાલા પારાવાર હાલાકીમાં મુકાયા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર લીફ્ટમાં પાણી ભરાઈ જતા બંને લીફ્ટ ખોટકાઈ હતી.
- કલ્પતરૂ પાવર કંપનીના કમલ જૈન દ્વારા પ્રેરિત ગાંધીનગરથી મહુડી પદયાત્રાનો શનિવારે બપોરે ૩ વાગે પેથાપુરના કૈલાશધામ વૃદ્ધાશ્રમથી પ્રારંભ થયો હતો. આ પદયાત્રામાં ૧૫૦થી વધુ જૈન શ્રદ્ધાળુઓ જોડાયા હતા. જેઓ રવિવારે મહુડી તિર્થ પહોંચશે.
- બૉર્ડની પરીક્ષા પહેલાં બૉર્ડની પરીક્ષાઓના આરંભથી ગાંધીનગરમાં બૉર્ડની પરીક્ષાનો માહોલ જામી ગયો છે. ઍસઍસવી કૅમ્પસ દ્વારા આ પરીક્ષાનો આરંભ ગત વર્ષની જેમ કરવામાં આવ્યો છે એ સમાચારથી વાચકો અવગત છે. એ જ રીતે જૂના સૅક્ટરની એક શાળાએ પણ આ પ્રયોગ શરૂ કરતાં તે શાળાને પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી રહ્યા છે. આવા પ્રયોગોથી વિદ્યાર્થીઓના સ્ટ્રેસમાં ઘટાડો થાય છે એવો અભિપ્રાય વિદ્યાર્થીઓ આપી રહ્યા છે.

## ચિલોડા ગામે ગુરૂ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના ચિલોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયા અને તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગ્રામ પંચાયત ચિલોડા ખાતે ગુરૂ શિબિર યોજાઈ હતી.

આ પ્રસંગે ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરીના માહિતી શિક્ષણ પ્રસારણ અધિકારી રાજેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે બેટી બચાવો, બેટી વધાવો, રસીકરણ, સગર્ભાવસ્થા દરમ્યાન ખાસ કાળજી રાખવી, સલામત પ્રસુતિ, બાળ આરોગ્ય, ટી.બી., મેલેરીયા, વિવિધ રોગચાળા વિશે આરોગ્ય સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ શિબિરમાં ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેન પટેલ, સ્થાનિક ફીમેલ હેલ્થ વર્કર કંચનબેન એસ. પટેલ, નટુભાઈ પટેલ પત્રકારે કન્યા કેળવણી, સ્ત્રી સશક્તિકરણ અને વ્યસન મુક્તિ વિશે મહિલાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ શિબિરમાં ગ્રામ પંચાયતના મહિલા સદસ્યો, આશા વર્કર બહેનો હાજર રહી શિબિરનો સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા ૪થી માર્ચે કેન્સર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ તરફથી તા. ૪થી માર્ચના સવારે ૮.૩૦ વાગે રાજપૂત મહિલાઓ માટે કેન્સર ફ્રી નિદાન કેમ્પનું આયોજન સંસ્થાના કાર્યાલય ખાતે યોજેલ છે.

ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ અમદાવાદના સહયોગથી કેન્સર નિદાન હેલ્થ ચેકઅપનું આયોજન કરેલ છે. જેમાં પેપ ટેસ્ટ (ગર્ભાશયના મુખના કેન્સર), મ્હોની તપાસ, મેમોગ્રાફી (સ્તન કેન્સર) ખાત રાજપૂત બહેનોને લાભ લેવા વિનંતી છે. મહિલાઓએ તા. ૨જી માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરાવવું જેથી સાનુકૂળ વ્યવસ્થા ગોઠવી શકાય.

કલેક્ટર સતીષભાઈ પટેલ, કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે. રેસીડન્ટ એડીશનલ કલેક્ટર હનુમંતસિંહ જાડેજા, ડૉ. નૌત્તમબા પરમાર (માણસા), ઈશ્વરભાઈ ચૌધરી (ઉપસચિવ આરોગ્ય), ડૉ. સી.જે. ચાવડા (મુખ્યદાતા છાત્રાલય), ડૉ. મહિપતસિંહ પરમાર (ઓર્થોપેડીક સર્જન), અશોકસિંહ પરમાર નાયબ સચિવ ટ્રસ્ટી તથા સિવિલ હોસ્પિટલના તબીબો હાજર રહેશે. તેમ મહિલા મંડળના પ્રમુખ સુશીલાબા જાડેજાએ જણાવેલ છે.

## નાટકનો સંવાદ જીવનની વાસ્તવિકતા બનતાં સર્જાઈ કરૂણાંતિકા

### શાળાના વાર્ષિકોત્સવમાં રક્ષામંત્રીનું પાત્ર ભજવતા આદર્શને નાટક પૂર્વે જ પિતા ધીરજસીંઘની શહિદીના સમાચાર મળ્યા

ગાંધીનગર, તા. ૧૮

"કર ચલે હમ ફિદા જાનો તન સાથીયો, અબ તુમ્હારે હવાલે વતન સાથીયો.." આ ગીત જયારે સાંભળીએ ત્યારે દેશના જાંબાઝ સૈનિકોએ રાષ્ટ્રની સલામતી માટે આપેલ પ્રાણની આહુતિ યાદ આવ્યાં વિના રહે નહી. પરંતુ આ સાથે આપણને આ શહીદોના પરિવાર પર શું વિતી હશે તેનો યોગ્ય ખ્યાલ આવતો નથી. સૈનિકોના બાળકો પર ગમે ત્યારે પિતાની છત્રછાયા ગુમાવી હોવાના સમાચાર મળવાનું જોખમ હંમેશા તોળાતુ રહે છે. ગાંધીનગરના ટાઉનહોલ ખાતે આજે આવી જ એક હૃદયસ્પર્શી ઘટના સર્જાઈ જેના કારણે હોલમાં ઉપસ્થિત સમગ્ર પ્રેક્ષકગણની આંખમાંથી આંસુ નીકળી આવ્યા હતા.

ટાઉનહોલ ખાતે આજે ભાટ ખાતેની એસએસઆઈટી કેમ્પસની શ્રી હરિ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ 'નિજાંદન' ઉજવાઈ રહ્યો હતો. આ ઉત્સવમાં શાળાના ધો. ૧૨ સાયન્સના બાળકો 'છોટીસી ફૌજ' નામનું એક સૈન્ય આધારિત દેશભક્તિ નાટક ભજવવાના હતા. આ નાટકમાં આદર્શ સીંધ નામનો ફૌજી જવાન ધીરજ સીંધનો પુત્ર દેશના રક્ષામંત્રીની ભૂમિકા ભજવવાનો હતો. તેણે આ નાટક માટે ખૂબ રિહર્સલ કર્યુ હતુ. તેનું પાત્ર નાટકમાં એક તબક્કે સૈનિકોને કાશ્મિર મોરચે જવા સૂચના આપે છે કે 'અબ આપકા કામ યંહા નહી, વહાં હે' આદર્શને ખબર નહોતી કે આ સંવાદ તેના પિતા સાથે હકીકતમાં સર્જાયો હશે અને જેના પગલે તેમનું પોસ્ટીંગ કાશ્મિરમાં થયું હતું. ચિલોડા ખાતેના આર્મી કેમ્પમાં રહેતા આદર્શને નાટકના અડધા કલાક પહેલા જ આર્મીની ગાડી લેવા આવી ત્યારે તેને સમાચાર મળ્યા કે તેના પિતા ધીરજસીંઘ કાશ્મિરમાં સરહદે આંતકવાદીઓ સામે લડતા લડતા વીરગતિને પામ્યાં છે. આદર્શના સાથે શાળા સંચાલકોએ તાત્કાલિક અન્ય બાળકને રક્ષામંત્રીની ભૂમિકા સોંપી દીધી અને નાટક પત્યા બાદ જ્યારે પ્રેક્ષકો તાલીઓના ગડગડાટથી નાટકને વધાવી રહ્યાં હતા ત્યારે જ આ બાળકે સમગ્ર ઘટનાક્રમની જાહેરાત કરી હતી. આ જાહેરાત સાથે જ સમગ્ર ટાઉનહોલમાં સન્નાટા સાથે ગમગીની વ્યાપી ગઈ અને તમામની આંખોમાં ઝળઝળિયા ભરાઈ આવ્યા. આદર્શના સાથી મિત્રો તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યાં હતા. હોલમાં તમામે ઉભા થઈ બે મિનિટ મૌન પાળી શહીદને સન્માન આપ્યું હતું. ચિલોડાના આર્મીકેમ્પના સૈનિક ધીરજસીંઘની શહીદીને સો સો સલામ..!!! ધીરજસીંઘની શહીદીનું સ્થળ પ્રાપ્ત બિન સત્તાવાર વિગતોના આધારે કાશ્મિર સરહદ માલુમ પડ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રાજેન્દ્ર લવજીભાઈ પટેલ, ઉ.વ.૫૯